सत्यमेव जयते

# જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,પોરબંદર

"સરદાર પટેલ રમત સંકુલ"સાંદીપની મંદિર સામે,પોરબંદર

Email id- dso.porbandar@gmail.com / dso-sycd-prb-@gujarat.gov.in

જાવક નં : DSCC/PBR/ખેમકું/૨૦૨૫-૨૬/રાજ્યકક્ષા/બેડમિન્ટન તા:- ૧૮/૦૧/૨૦૨૬

પ્રતિ,
જીલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા રમત-ગમત અધિકારીશ્રી,
તમામ,ગુજરાત રાજ્ય.

સુધારો ફક્ત
રીપોર્ટીંગ સ્થળ

**વિષય :- ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ ભાઈઓ/બહેનોની બેડમિન્ટન સ્પર્ધા ના આયોજન બાબત.**

**સંદર્ભ :- માન.ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના તા:૨૪/૧૨/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એસ.એ.જી/ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૪૪૭ to ૪૭૫૫૨.**

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પરીપત્ર અન્વયે જણાવવાનું કે, ખેલમહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષાની અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પોરબંદર દ્વારા સરદાર પટેલ રમત સંકુલ પોરબંદર ખાતે નીચે દર્શાવ્યા પ્રમાણે કરવામાં આવનાર છે. જે અંગેની આપના જિલ્લાના ખેલાડીઓને ભાગ લેવા જાણ કરી આપના જીલ્લાની KMK ID સાથેની ડીટેઇલ એન્ટ્રી dso.porbandar@gmail.com ઉપર ઈ-મેઈલથી તા: ૧૨/૦૧/૨૦૨૬ સુધીમાં અચૂક મોકલી આપવું તેમજ ખેલાડીઓને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવવા વિનંતી.

## :: <u>રાજ્યકક્ષા બેડમિન્ટન અં-૧૧, અં-૧૪, અને અં-૧૭ ભાઈઓ અને બહેનો સ્પર્ધાનો કાર્યક્રમ</u> ::

| | |
|---|---|
| **સ્પર્ધા તારીખ** | ૧૬/૦૧/૨૦૨૬ થી ૨૬/૦૧/૨૦૨૬ |
| **સ્પર્ધા સ્થળ** | સરદાર પટેલ રમત સંકુલ, સાંદીપની મંદિર સામે, રાન્ધાવાવ,પોરબંદર |
| **કોચ મેનેજર મીટીંગ** | સવારે : ૦૯:૦૦ કલાકે |
| **સંપર્ક નંબર** | (૧) હિતેશભાઈ કરંગીયા – 81419 61718<br>(૨) તરંગભાઈ ઝાલા – 80003 91313 |
| **નિવાસ સ્થળ** | યુ.જી બોયસ હોસ્ટેલ & રેસીડેન્ટ હોસ્ટેલ, વનાણા<br>સંપર્ક નં : અંજલીબેન થાનકી :- 82000 12608 |
| **રીપોર્ટીંગ સ્થળ** | સરદાર પટેલ રમત સંકુલ,સાંદીપની મંદિર સામે,પોરબંદર. |

## -: રીપોર્ટીંગ તારીખ અને સમય :-

| ક્રમ | વયજૂથ | રીપોર્ટીંગ તારીખ અને સમય | રીપોર્ટીંગ સ્થળ | સ્પર્ધા તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૦૧ | અ-૧૭ ભાઈઓ | ૧૬-૦૧-૨૦૨૬<br>સવારે ૦૮:૦૦ કલાક | સરદાર પટેલ રમત સંકુલ, સાંદીપની મંદિર સામે, રાન્ધાવાવ,પોરબંદર. | ૧૬-૧૭-૧૮/૦૧/૨૦૨૬<br>સમય : ૧૦:૦૦ કલાકે |
| ૦૨ | અં-૧૪ ભાઈઓ | ૧૮-૦૧-૨૦૨૬<br>સવારે ૦૮:૦૦ કલાક | | ૧૮-૧૯-૨૦/૦૧/૨૦૨૬<br>સમય : ૧૦:૦૦ કલાકે |
| ૦૩ | અં-૧૭ બહેનો | ૨૦-૦૧-૨૦૨૬<br>સવારે ૦૮:૦૦ કલાક | | ૨૦-૨૧-૨૨/૦૧/૨૦૨૬<br>સમય : ૧૦:૦૦ કલાકે |
| ૦૪ | અ-૧૪ બહેનો | ૨૨-૦૧-૨૦૨૬<br>સવારે ૦૮:૦૦ કલાક | | ૨૨-૨૩-૨૪/૦૧/૨૦૨૬<br>સમય : ૧૦:૦૦ કલાકે |
| ૦૫ | અં-૧૧ બહેનો | ૨૪-૦૧-૨૦૨૬<br>સવારે ૦૮:૦૦ કલાક | | ૨૪-૨૫/૦૧/૨૦૨૬<br>સમય : ૧૦:૦૦ કલાકે |
| ૦૬ | અં-૧૧ ભાઈઓ | ૨૫-૦૧-૨૦૨૬<br>સવારે ૦૮:૦૦ કલાક | | ૨૫-૨૬/૦૧/૨૦૨૬<br>સમય : ૧૦:૦૦ કલાકે |

### -// અગત્યની સૂચના //-

1. રાજ્યકક્ષા ખેલમહાકુંભ ૨૦૨૫ સ્પર્ધામાં જિલ્લાના ભાગ લેનાર ખેલાડીઓની ડીટેઇલ એન્ટ્રી KMK ID સાથે તા:૧૨/૦૧/૨૦૨૬ સાંજના ૦૬:૦૦ કલાક સુધીમાં મેઈલથી dso.porbandar@gmail.com પર અચૂક પણે મોકલવાની રહેશે તથા KHELMAHAKUMBH 2025ના વોટસેપ ગ્રુપ માં શેર કરવી તેમજ અસલ એન્ટ્રી તથા એલીજીબીટી સાથે ટીમ કોચ/મેનેજરનો સક્ષમ અધિકારીશ્રી દ્વારા થયેલ ઓર્ડર રીપોર્ટીંગ સમયે રૂબરૂ જમા કરાવવાની રહેશે.
2. ટીમની ડીટેઇલ એન્ટ્રી સમયસર મોકલવામાં નહિ આવે તથા ટીમનું રીપોર્ટીંગ નિર્ધારિત તારીખ અને સમય પ્રમાણે ન થવાના સંજોગોમાં ભાગ ન લઇ શકનાર ખેલાડીઓની તમામ જવાબદારી સબંધિત ટીમના કોચ/મેનેજર અને જિલ્લા અધિકારીશ્રીની રહેશે.
3. ખેલાડીઓના વ્યક્તિગત એલીજીબીલીટીની ફોટા સાથે સંપૂર્ણ વિગતો ભરેલું અને DSO તથા DSDOના સહી સિક્કા વાળું જ ફોર્મ માન્ય ગણાશે તથા દરેક ખેલાડીઓની KMK ઓનલાઈન રજીસ્ટ્રેશનની પહોચ અને બેંક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અથવા કેન્સલ ચેક સ્પષ્ટ વાંચી) શકાય તેવી નકલ ( ફરજીયાત સાથે જોડવાની રહેશે.
4. ભાગ લેનાર ખેલાડીઓએ ફરજિયાત અસલ આધાર કાર્ડ તથા જન્મ તારીખ અને રહેઠાણના જરૂરી અસલ પુરાવા સાથે રાખવાના રહેશે.
5. અં-૧૪ અને અં-૧૭ વયજૂથ દરેક ટીમ માં વધુમાં વધુ ૦૫ ખેલાડીઓ + ૧ કોચ કમ મેનેજર એમ કુલ ૦૬ વ્યક્તિ અને અં-૧૧ વયજૂથમાં ૦૩ ખેલાડીઓ + ૧ કોચ કમ મેનેજર એમ કુલ ૦૪ વ્યક્તિઓની ટીમને માન્ય ગણવામાં આવશે.
6. નિવાસ સ્થળે નિયત કરેલ ડીપોઝીટ જમા કરાવવાની રહેશે સ્પર્ધા/નિવાસ સ્થળે કોઈપણ પ્રકારના નુકશાની કરવાના કિસ્સામાં નુકશાનીની રકમ સબંધિત ટીમની ડીપોઝીટ માંથી વસુલ કરવામાં આવશે.
7. પરિપત્ર માં નિર્ધારિત થયેલ સ્પર્ધા તારીખે જે-તે વયજુથની ટીમ સિવાય અન્ય ખેલાડી, કોચ/મેનેજર કે વાલીશ્રીઓને નિવાસ, ભોજન તથા વાહન વ્યવહાર સહીત ની કોઈ જ પ્રકારની સુવિધાઓ આપવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવાની રહેશે.

8. આપના જિલ્લાની ટીમ ના સભ્યો ફરજિયાતપણે સરકારી વાહનના માધ્યમથી જ પ્રવાસ કરવાનો આગ્રહ રાખવો તથા ઓછામાં ઓછા અંતરનો પ્રવાસ રૂટ પસંદ કરવાનો રહેશે જે મુજબ જ સરકારી વાહન વ્યવહારના નિયત દરને ધ્યાને લઇ મુસાફરી ભથ્થાની ચુકવણી કરવામાં આવશે.
9. મુસાફરી ભથ્થાની મંજુર થયેલ રકમના નાણા ટીમ કોચ કમ મેનેજરના બેંક ખાતામાં RTGS થી ચુકવવામાં આવશે જેથી બેંક એકાઉન્ટ/કેન્સલ ચેક ની ઝેરોક્ષ ટી.એ. ફોર્મ સાથે જોડવાની રહેશે.
10. વિજેતા ખેલાડી દ્વારા રોકડ પુરસ્કાર મેળવવા માટેના ફોર્મમાં દર્શાવેલ કોચને જ રોકડ પુરસ્કાર મળવા પાત્ર રહેશે જેના માટે કોચશ્રીની બેંક પાસબુકની ઝેરોક્ષ ફોર્મ સાથે રજુ કરવાની રહેશે.
11. ઋતુ અનુસાર ઓઢવાનું સાથે લાવવુ તથા ખેલાડીઓએ કિમતી સામાન સાથે ન લાવવા જણાવવું.
12. સ્પર્ધા/નિવાસ સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.અશિસ્ત કરનારને ખેલાડી, કોચ/મેનેજર ટીમ નિયમોનુસાર પગલા લેવામાં આવશે.
13. ખેલ મહાકુંભ ૨૦૨૫ના પરિપત્રમાં દર્શાવેલ નિતી-નિયમોનું આ સ્પર્ધામાં ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જિલ્લા રમત વિકાસ અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
પોરબંદર

જિલ્લા રમત-ગમત અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
પોરબંદર

**<u>સવિનય નકલ રવાના :</u>**

1. માનનીય અગ્ર સચિવશ્રી, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના અંગત મદદનીશ તરફ (માન .અગ્ર સચિવશ્રીના ધ્યાને મૂકવા સારૂં)
2. માનનીય ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના ના અંગત મદદનીશ તરફ (માન. ડાયરેકટર જનરલશ્રીના ધ્યાને મૂકવા સારુ)
3. માનનીય કલેકટરશ્રી ,પોરબંદર
4. માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર
5. માનનીય કમિશનરશ્રી, મહાનગરપાલિકા, પોરબંદર
6. માનનીય જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર
7. માન.સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
8. આસીસ્ટન્ટ ડાયરેકટરશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
9. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર (સ્પર્ધા સ્થળે એમ્બ્યુલન્સ તથા મેડીકલ ટીમ ફાળવવા સારૂં)
10. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદર (રાજ્યકક્ષા સ્પર્ધા નિહાળવા શાળાઓને જાણ કરવા સારૂં)
11. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પોરબંદર(રાજ્યકક્ષા સ્પર્ધા નિહાળવા શાળાઓને જાણ કરવા સારૂં)
12. નાયબ માહિતી નિયામકશ્રી ,પોરબંદર (વિનામૂલ્યે અખબારી યાદી આપવા સારૂં)
13. પ્રમુખશ્રી, ગુજરાત સ્ટેટ બેડમિન્ટન એસોસિએશન, ટેકનિકલ ઓફિસિયલની નિમણુંક કરવા સારું
14. પ્રમુખશ્રી/મંત્રીશ્રી ,વ્યાયામ શિક્ષક સંઘ ,પોરબંદર.

← રીપોર્ટીંગ અને સ્પર્ધા સ્થળ

નિવાસ સ્થળ →